જાહેર સાહસો અને સંયુક્ત ક્ષેત્રીય તેમજ મોટા
ઉદ્યોગોમાં ૮૫ ટકા જગ્યાઓ સ્થાનિક ઉમેદવારોથી
ભરવા બાબત.

ગુજરાત સરકાર
શ્રમ અને રોજગાર વિભાગ
ઠરાવ ક્રમાંકઃરગર/૧૦૯૫/૬૪૪/૨(૨)
સચિવાલય, ગાંધીનગર.
તાઃ૩૧/૩/૯૫

આમુખ :-

રાજ્યની હાલની રોજગાર નીતિ અનુસાર રાજ્યમાં આવેલ રાજ્ય સરકારના તેમજ કેન્દ્ર સરકારના જાહેર સાહસોના ઉદ્યોગોમાં તેમજ ખાનગી પ્રોત્સાહીત ઔદ્યોગિક એકમોમાં તમામ જગ્યાઓ પૈકી ઓછામાં ઓછી ૮૦ ટકા જગ્યાઓ તથા મેનેજર,સુપરવાઈઝર કક્ષાની જગ્યાઓ ઉપર ઓછામાં ઓછી ૫૦% જગ્યાઓ ગુજરાત રાજ્યમાં ઓછામાં ઓછી ૧૫ વર્ષથી રહેણાંક હોય તેવી સ્થાનિક વ્યક્તિઓથી ભરવામાં આવે છે.અને તેની અમલવારી અંગેની કામગીરી રાજ્યના ઉદ્યોગ કમિશ્નરશ્રી હસ્તક છે.

૨) સરકારના હાલના સંકલ્પો પૈકી એક સંકલ્પ એવો છે કે, જાહેર સાહસો,સંયુક્ત ક્ષેત્રીય તેમજ મોટા ઉદ્યોગોમાં જગ્યાઓમાં સ્થાનિક રહીશોની ભરતી ઓછામાં ઓછા ૮૫ ટકા સુધીની કરવી.

આ બાબતમાં સરકાર કાળજીભરી પુખ્ત વિચારણા કરીને નીચે મુજબ ઠરાવે છેઃ-

ઠ રા વઃ-

રાજ્યમાં આવેલ રાજ્ય સરકારના બધા ઉદ્યોગો તેમજ રાજ્ય સરકારમાંથી પ્રોત્સાહીત સહાય મેળવતા બધા ઉદ્યોગોમાં કર્મચારી,કામદાર અને કારીગર વર્ગની ઓછામાં ઓછા ૮૫ ટકાની ભરતી સ્થાનિક રહીશોમાંથી કરવી. અને મેનેજરીયલ અને સુપરવાઈઝરી જગ્યાઓની ઓછામાં ઓછી ૬૦ ટકા ભરતી સ્થાનિક રહીશોમાંથી કરવી. આવા ઉદ્યોગોમાં એકંદરે એટલે કે મેનેજરીયલ,સુપરવાઈઝરી તથા કર્મચારી, કામદાર અને કારીગર વર્ગ માટે ઓછામાં ઓછી કુલ. ૮૫ ટકાની ભરતી સ્થાનિક રહીશોમાંથી કરવી.

૨. બિન પ્રોત્સાહીત ઉદ્યોગોમાં તથા કેન્દ્ર સરકારના સાહસોમાં થતી ભરતીમાં ઉપર મુજબ ઓછામાં ઓછા ૮૫ ટકાનું ધોરણ,ઓછામાં ઓછા ૬૦ ટકાનું ધોરણ અનુક્રમે અપનાવવા તેમજ આવી ભરતી ફરજીયાત કરવામાં આવે તેવી ભારત સરકારને તેમજ તેમના તમામ સાહસોને કાર્યવાહી કરવાની જાણ કરવામાં આવી રહી છે.

૩. બિન પ્રોત્સાહીત કે, જાહેર સાહસોની કચેરીઓ જયારે નિમણુંકના હુકમો કરે ત્યારે તે અંગેની જાણ રોજગાર કચેરીને પણ અવશ્ય કરવાની રહેશે.

૪. સ્થાનિક રહીશોની વ્યાખ્યાઃ રાજય સરકારે ૧૯૯૦માં નવી રોજગાર નીતિમાં નકકી થયેલ ધારાધોરણ મુજબ તેમજ સરકારના ઉદ્યોગ,ખાણ અને ઉર્જા વિભાગની પ્રોત્સાહીત સહાય યોજના અન્વયેના સરકારી ઠરાવ ક્રમાંકઃ આઈએનસી/ ૧૦૯૦/૧૦૨૩/(૧)/આઈ તાઃ૧૬/૧૦/૯૦ ના ઠરાવ મુજબ ગુજરાત રાજયમાં ઓછામાં ઓછા ૧૫ વર્ષથી રહેણાંક હોય તેવી વ્યકિતઓને સ્થાનિક રહીશો તરીકે ગણવા.

૫. આ હુકમો તાઃ૧લી એપ્રિલ–૧૯૯૫થી અમલમાં આવશે અને તેમાં પ્રોત્સાહીત ઉદ્યોગોને આ નીતિનો અમલ હવે પછી નવી ઔદ્યોગિક નીતિ જાહેર થાય ત્યારથી લાગુ પડશે.

૬. ઉપર મુજબની સુધારેલી નીતિના અમલવારીની કામગીરીમાં પ્રોત્સાહીત ઉદ્યોગોને લગતી કામગીરી ઉદ્યોગ અને ખાણ વિભાગ મારફત ઉદ્યોગ કમિશ્નરશ્રી ધ્વારા કરવાની ચાલુ રહેશે અને તે સિવાયના રાજયના તમામ પ્રકારના એકમો અંગેની કામગીરી શ્રમ અને રોજગાર વિભાગ મારફત નિયામકશ્રી,રોજગાર અને તાલીમ ધ્વારા કરવાની રહેશે.

૭. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર ઉદ્યોગ અને ખાણ વિભાગની તા.૩૧/૩/૯૫ના રોજ સંમતિ મેળવીને કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

એ.એસ.મલીક
નાયબ સચિવ
શ્રમ અને રોજગાર વિભાગ

KH-07N-52